# એલ.એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઈ.), પાટણ

## ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઈ.), પાટણમાં તારીખ: 07 માર્ચ 2025 ના રોજ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા નું આયોજન NGES કેમ્પસના




મેનેજમેન્ટ, CDO પ્રો. જય ધ્રુવ સરની આગવી સુઝ અને પ્રેરણા તથા કોલેજ ના આચાર્યશ્રી ડો. ગંગારામ એન. પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કોલેજના અધ્યાપિકા ડો. કંચન એસ. દુબે દ્વારા કરવામાં આ વ્યું હતું. આ સ્પર્ધામાં સેમ 2 અને 4ના પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. બધા પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ વિષયોના સંદર્ભમાં પોતાનું




વક્તવ્ય રજૂ કર્યું હતું. સેમ 4ના પ્રશિક્ષણાર્થી પરમાર ધવલભાઈએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેમ 2ની પ્રશિક્ષણાર્થી રબારી નિશા અને અઘારીયા સાજેદાબાનુએ કર્યું. કોલેજના આચાર્યશ્રીએ વિજેતા, પ્રતિભાગી અને સ્પર્ધામાં ભાગ લેનાર દરેકને અભિનંદન પાઠવ્યા. આ







કાર્યક્રમમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ડો. નિલેશ બી. ગજ્જર, ડો. ભાવેશ બી. બેન્કર અને ડો. કંચન એસ. દુબે દ્વારા તટસ્થ રીતે ભૂમિકા ભજવવામાં આવી હતી.

આ કાર્યક્રમના અંતે ડો. નિલેશ બી. ગજ્જર દ્વારા સંસ્થાવતી આભાર વિધિ કરવામાં આવી હતી.